# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૯૬ કેસ, ૨૦ના મૃત્યુ

## ૧૪૭૫૧ હાલ એક્ટિવ કેસ : છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૪૫ અને અમદાવાદમાં ૧૨ કેસ નોંધાયા : કુલ મૃત્યુઆંક ૨૯૩૦

ગાંધીનગર,તા.૨૫ રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૨૫૭૭ ટેસ્ટ કરોનાના કરવામાં આવતા ૧૦૬૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૮૮ હજારને પાર થઈ ૮૮૯૪૨ થયો છે. રાજ્યમાં આજે ૧૦૧૧ દર્દી ડિસ્ચાર્જ કરાયા હતા. કુલ ડિસ્ચાર્જનો આંકડો ૭૧ હજારને પાર થઈ ૭૧૨૬૧ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૭૫૧ એક્ટિવ કેસ છે. જેમાં ૭૯ વેન્ટીલેટર અને ૧૪૬૭૨ સ્ટેબલ છે. રાજ્યમાં ત્રણ દિવસથી સાર્વત્રિક વરસાદ નોંધાવાની સાથો સાથ કોરોનાનો કહેર ઓછઓ થતો નથી. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૮,૯૧,૭૭૫ ટેસ્ટ કોરોનાના કરવામાં આવ્યા છે.રાજ્યમાં આજની સ્થિતિએ ૪૭૬૨૯૧ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરાયા છે. જે પૈકી ૪૭૫૬૬૯ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન અને ૬૨૯ ફેસીલીટી ક્વોરોન્ટાઈન કરાયા છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે ૨૦ મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૪,સુરત કોર્પોરેશનમાં ૩ અને ગ્રામ્યમાં ૪, અમરેલીમાં ૨,જુનાગઢ માં ૨, ગીર સોમનાથ, તાપી, વડોદરા કોર્પોરેશનમા અને ભાવનગર કોર્પોરેશનમાં ૧-૧ મોત કોરોનાને લીધે થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૫ અને જિલ્લામાં ૧૨ સાથે ૧૫૭ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૦૫૨૨ થયો છે. આજે વધુ ૪ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૬૯૨ થયો છે. સુરત શહેરમાં ૧૬૪ અને જિલ્લામાં ૮૧ સાથે ૨૪૫ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો સુરતમાં ૧૮૮૯૫ થયો છે. આજે વધુ ૭ મોત નોંધાતા મૃત્યુઆંક ૬૦૯ થયો છે. વડોદરા શહેરમાં ૯૦ અને જિલ્લામાં ૩૨ સાથે ૧૨૨ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭૪૩૮ થયો છે. આજે વધુ ૧ મોત સાથે ૧૨૨ મોત થયા છે. રાજકોટ શહેરમાં ૬૬ અને જિલ્લામાં ૨૯ સાથે ૯૫ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૪૧૪૪ થયો છે. આજે વધુ ૧ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૭૮ થયો છે.

## કાંકરેજ તાલુકામાં વરસાદથી ખેતીના પાકને નુકશાન

કાંકરેજ તાલુકામાં ભારે વરસાદની આગાહી વચ્ચે શનિવાર રાત્રિથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સમગ્ર કાંકરેજ તાલુકામાં દરેક ગામોમાં ધોધમાર પડયો છે. ચોમાસુ ખરીફ પાકો જેવા કે મગફળી, કપાસ, જુવાર, બાજરીના ખેતરો બેટમાં ફેરવાયા છે. વાવેતર કરેલ પાકોમાં પાણી ભરાયા છે. પાણી ભરાતાં નિકાલ નહી થતાં ઉભા પાકમાં ખેડુતોને ભારે નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે.

મોધા ભાવના બિયારણ, ખેડ, ખાતર, જંતુનાશક દવાના ખર્ચ એળે ગયો છે. ભારે વરસાદ પડવાથી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. વડામાં ઉણેચા અમથાજી દાનાજી ઠાકોરવાસ પંચાયત અને કહરેચા મફાજી નવાજી અટુંબિયાવાસ પંચાયતમાં મકાન ધરાશાયી થયુ હતુ. સ્તાઓ બંધ કરાયા છે. અસાલડી ડીપમાં પાણીનો પ્રવાહ વધતાં રસ્તો બંધ કરાયો છે. આગામી દિવસોમાં આગાહીને કારણે વરસાદ વધુ પડે તો પાકને વધુ નુકશાન થાય તેવી ચિંતા સેવાઈ રહી છે.



મોડાસા શહેરમાં સાઈ મંદિરથી સર્વોદયનગરના માર્ગ પર મુખ્ય વળાંકમાં છેલ્લા દસેક દિવસથી પાણીના ટેન્કરને લીધે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. માર્ગની સાઈડ પર બ્લોક નાખવાની કામગીરી માટે ઉભુ રાખેલું ટેન્કર આજે દસ દિવસ ઉપરાંતના સમય દરમિયાન પણ ખસેડવામાં આવ્યું નથી. હાલમાં છેલ્લા કેટલાય દિવસથી તે વિસ્તારમાં બ્લોક નાખવાની કામગીરી પણ બંધ છે. છતાં પણ અવરોધરૂપ બનેલા આ ટેન્કરને હટાવવાની તંત્રને કોઈ ફુરસદ નથી.

### સુપ્રસિદ્ધ ખંડુજી મહાદેવના મેળાને કોરોનાનું ગ્રહણ લાગ્યું

## ઈતિહાસમાં પ્રથમવાર નહિ યોજાય ખંડુજી મહાદેવનો મેળો, હજારો શ્રદ્ધાળુઓ માટે માઠા સમાચાર

મોડાસા, તા. ૨૫

કોરોના મહામારીના કારણે તહેવારો અને ઉત્સવો બંધ રહ્યા છે. તેવામાં ઉત્તર ગુજરાતના શ્રદ્ધાળુઓ માટે માઠા સમાચાર આવ્યા છે. મોડાસા તાલુકાના ઉમેદપુર ગામે આવેલા સુપ્રસિદ્ધ ખંડુજી મહાદેવ નોમેળો આ વર્ષે નહિ ભરાય તેવો નિર્ણય ગામ લોકો તેમજ ગ્રામ પંચાયત દ્વારા લેવામાં આવ્યો છે. ખંડુજી મહાદેવને પશુપતિ મહાદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહી ભગવાન ખંડુજી મહાદેવ સમક્ષ પશુઓની સુખાકારી અને ખેડૂતોનું વર્ષ સારું જાય તે માટે માનતા માનવામાં આવે છે. જેને લઈને ઉત્તર ગુજરાતના પશુપાલકો અને ખેડૂતો પહેલા ઘી નો પ્રસાદ ખંડુજી મહાદેવને ભાદરવા મહિનાના બીજા રવિવારે અર્પણ કરતા હોય છે અને તે દિવસે ભવ્ય મેળો ભરાતો હોય છે. જેમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી શ્રદ્ધાળુઓ ઉમંગ અને ઉત્સાહ સાથે ભગવાન ખંડુજી મહાદેવના દર્શન માટે ઉમટી પડતાં હોય છે. પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે સરકારની ગાઈડલાઈન પ્રમાણે મેળો ન યોજવા માટેનો નિર્ણય ઉમેદપુર ગ્રામ પંચાયત દ્વારા લેવામાં આવ્યો છે. જેને લઈ સુપ્રસિદ્ધ ખંડુજી મહાદેવના મેળાને કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. ત્યારે ઈતિહાસમાં પ્રથમવાર ખંડુજી મહાદેવનો મેળો નહિ યોજાય. જે ભગવાન ખંડુજી મહાદેવના હજારો શ્રદ્ધાળુઓ માટે માઠા સમાચાર છે.



'ભૂવો' શબ્દ આજકાલ ખૂબ પ્રચલિત બન્યો છે, ગ્રામીણ વિસ્તારમાં 'ભૂવો' એલે ધૂણીને દોરાધાગા-બાધા-આખડી કરી આપતો અંધશ્રધ્ધાને પોષતો ઈસમ પરંતુ શહેરી વિસ્તારમાં ભૂવો એટલે વરસાદમાં જમીન કે રોડ બેસી જવાથી સર્જાયેલો જોખમી ખાડો. ગાંધીનગરમાં આ વર્ષે મોટાભાગના માર્ગોનું નવીનીકરણ થયું હોવા છતાં ઠેર ઠેર ધોવાણ થઈ રહ્યું છે. અને મસ મોટા ખાડા પડી રહ્યા છે. શહેરના ગ-૫ સર્કલ નજીક સેકટર-૧૬માં પ્રવેશવાના કટની સામે જ રોડ કાંઠે મોટો ભૂવો પડયો છે જે વાહનચાલકો તથા રાહદારીઓ માટે જોખમરૂપ જણાઈ રહ્યો છે.

## બનાસકાંઠામાં દિવસ દરમિયાન હળવાથી ભારે વરસાદી ઝાપટાં

પાલનપુર, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે સોમવારે દિવસ દરમિયાન અનેક સ્થળોએ હળવાથી ભારે વરસાદ પડ્યો હતો. ગઈકાલે પડેલા ભારે વરસાદ બાદ રાત્રે પણ ધીમી ધારે વરસાદ ચાલું રહ્યો હતો. અને દિવસ દરમિયાન પવન સાથે હળવાથી ભારે ઝાપટાં પડ્યા હતા. જોકે બે દિવસના વરસાદથી ઠેરઠેર પાણી ભરાઈ ગયા હોઈ વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહી વચ્ચે શનિવારે દિવસ, રાત્રી અને રવિવાર રાત્રી સુધીમાં અનેક સ્થળોએ ધોધમાર વરસાદ પડતાં આ સ્થળો બેટમાં ફેરવાયા હતા. દરમિયાન સોમવારે પણ પવન સાથે હળવાથી ભારે વરસાદી ઝાપટાં ચાલું રહ્યા હતા. જ્યાં ઠેરઠેર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહન ચાલકો અટવાઈ ગયા હતા. પાલનપુરમાં મફતપુરા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે કોઈ પાઈપ લાઈન ન હોઈ લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. આ ઉપરાંત કીર્તિસ્તભ, સીટીલાઈટ, ગણેશપુરા, સિવિલ હોસ્પિટલ તેમજ હાઈવે સ્થિત સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.



ગુજરાત પોલીસ દ્વારા ગુન્હાઓના ઉકેલ માટે ઓનલાઈન કામગિરિ કરી રહી છે જેમાં વહન ચેકિંગ દરમ્યાન નંબર પ્લેટ વગરના વાહનો ચોરી કરેલ વાહનો પરત મેળવેલ હોય તેને પોકેટ કોપ મોબાઈલનો ઉપયોગ કરી વાહનના મૂળ માલિકના નામ સરનામા મેળવી શકાય છે તે આધારે ખેડબ્રહ્મા પી.એસ.આઈ. વિશાલભાઈ પટેલ દ્વારા ચોરી થઈ ગયેલ ૧૧ બાઈકો પરત મેળવી અને પોલીસ સ્ટેશનની ઓનલાઈન કામગીરી સારી કરવા બદલ ગુજરાત રાજ્ય પોલીસ વડા ધ્વારા વિશાલભાઈ પટેલને ઈ-કોપ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

## ડીસાના જીઆઈડીસી વિસ્તાર પ્રત્યે પાલિકાનું ઓરમાયું વર્તન

### સફાઈ, લાઈટ અને ગટરની પાયાની સુવિધાનો પણ અભાવ

ડીસા, તા. ૨૫

બનાસકાંઠાના વેપારીમથક ડીસામાં ઈન્ડ્સ્ટ્રીયલ ઝોન રૂપે સતત વિકસતા જીઆઈડીસી વિસ્તારમાં પાયાની સુવિધાઓનો પણ સતત અભાવ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં આજ દિન સુધી કોઈ જ સફાઈ કે ગટર બાબતે કામગીરી કરવામાં આવી નથી આ ઉપરાંત મોડી રાત્રે અહીં સ્ટ્રીટ લાઈટોના અભાવે સતત અંધારું રહેતા સ્થાનિક વેપારીઓ પણ અવરજવરમાં ભય અનુભવી રહ્યા છે જોકે સૌથી વિકટ સ્થિતિ ચોમાસા દરમિયાન બને છે વરસાદી પાણીના નિકાલની પણ કોઈ ગટરો ના હોવાના કારણે સમગ્ર માર્ગો ઉપર ગંદા પાણી ભરાઈ જવાની સ્થિતિ રોજિંદી બની જાય છે. ચારે તરફ પાણી પાણી થઈ જતા વાહન ચાલકો તેમજ રાહદારીઓ પણ ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે જેથી અહીંની હાલત કફોડી બને છે. સમગ્ર રસ્તાઓમાં વરસાદી પાણી ભરાઈ જતા જીઆઈડીસી આવતા વાહનો અનેકવાર અહીં ફસાઈ જાય છે.



આ ઉપરાંત અહીંથી ઢુવા ગામથી પાલનપુર તરફ જવાનો ટૂંકો માર્ગ હોઈ દિવસ દરમિયાન વાહનોની અવરજવર પણ વધારે રહે છે તેઓ પણ વરસાદી પાણીના કારણે હેરાન થઈ રહ્યા છે. ડીસા જીઆઈડીસી વિસ્તારમાં એક અંદાજ મુજબ ૧૫૦ થી ૨૦૦ ઈન્ડસ્ટ્રીયલ એકમો ધમધમે છે અને તમામ એકમો પાલિકાના વિવિધ વેરા પણ નિયમિત ભરપાઈ કરે છે તેમ છતાં પણ પાલિકા પાયાની સવલતો જેવી કે ગટર, સફાઈ પુરી પાડવામાં ઉણી ઉતરે છે જેના પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા પામ્યો છે.

આ બાબતે સંજયભાઈ મોદીએ જણાવ્યું હતું કે દર ચોમાસા દરમિયાન અમારી ફેકટરી આગળ જ વરસાદી પાણી ભરાઈ જતા અમારે પોતાને આવન જાવનમાં ભારે મુશ્કેલી પડે છે વળી અહીં સર્કલ પણ આવેલું હોઈ દિવસ દરમિયાન સતત વાહનોથી આ માર્ગ ધમ ધમતો રહે છે જેના લીધે પારાવાર કિચડ અને ગંદકી સર્જાય છે. સતત રોગચાળો ફેલાય તેવી બદતર સ્થિતિ આ વિસ્તારની છે. સમગ્ર જીઆઈડીસીના વેપારીઓ દ્વારા અવારનવાર આ બાબતે પાલિકા લેવલે લેખિત અને મૌખિક જાણ કરી હોવા છતાં પણ આજદિન સુધી આ વરસાદી પાણીના નિકાલ માટેની કોઈ જ કાર્યવાહી પાલિકા દ્વારા કરવામાં આવી નથી અમે નિયમિત વેરા સહિતના ટેક્સ પણ ભરીએ છીએ તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા આ વિસ્તાર પ્રત્યે ઓરમાયું વર્તન રાખવામાં આવી રહ્યું છે એક તરફ સમગ્ર દેશ જ્યારે આત્મનિર્ભર બનવા તરફ અગ્રેસર થઈ વિકાસની દિશામાં દોટ મૂકી છે ત્યારે જીઆઈડીસી વિસ્તારની હાલત પ્રાથમિક સુવિધાના અભાવે દારુણ બની રહી છે.



### તહેનાત કર્યા...● અનુસંધાન પહેલાનું ચાલુ

આપણા વિસ્તારમાં ઘુસશે તો તેના માટે ઈગ્લા મિસાઈલ ખતરા સમાન છે. ભારતીય થળસેના અને વાયુસેના બંને દ્વારા આ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. માત્ર આટલું જ નહીં પણ ભારતે સરહદ પર દુશ્મનો પર નજર રાખવા માટે રડાર તેમજ એર મિસાઈલ સિસ્ટમની પણ ગોઠવણ કરી છે. ઉલ્લેખનીય છે કે ગલવાન ઘાટી આસપાસ પેટ્રોલિંગ કરતા જવાનોએ પાછલા કેટલાક સમયમાં અનેક વખત ચીનીન હેલિકોપ્ટરોએ ભારતમાં ઘુસણખોરીનો પ્રયાસ કરતા જોયા છે. સિવાય હાલમાં જ ચીફ ઓફ ડિફેન્સ મેજર જનરલ બિપિન રાવતે પણ કહ્યું છે કે ભારતીય સેના કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ છે.

### ખુલ્લા પાડ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકીઓનું સૌથી મોટું આશ્રયસ્થાન છે. તેમાંથી ઘણાનો પાકિસ્તાનમાં દબદબો છે. પાકિસ્તાનના વડાપ્રધાને ૨૦૧૯માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં એ વાતનો સ્વીકાર કર્યો હતો કે તેમના દેશમાં ૪૦થી ૫૦ હજાર આતંકીઓ છે. ભારતે કહ્યું દાવો છે કે પાકિસ્તાને અલકાયદાને તેની જગ્યાએથી હટાવી દીધું છે. પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિને ખ્યાલ નથી કે ઓસામા બિન લાદેન તેમના જ દેશમાં છુપાયો હતો અને અમેરિકાની સેનાને તે પાકિસ્તાનમાં જ મળ્યો હતો. શું તેમણે એ સાંભળ્યું નથી કે પાકિસ્તાનના વડાપ્રધાન લાદેનને શહીદ કહે છે.

ભારતીય મિશને કહ્યું કે પાકિસ્તાનના એ દાવા પર હસુ આવે છે કે અમે તેમની વિરુદ્ધ ભાડાના આતંકીઓ રાખ્યા છે. નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે આ દાવો એવો દેશ કરી રહ્યો છે, જે સીમા પારથી આતંકવાદ ફેલાવવા માટે જાણીતો છે. જેણે વિશ્વને પીડિત કર્યું છે. જેણે પોતાના પરાક્રમોથી વિશ્વને પરેશાન કર્યું છે. ભારતીય મિશને ૧૨૬૭ પ્રતિબંધોના લિસ્ટમાં ભારતીયોના સામેલ થવાના પાકિસ્તાનના દાવાને ફગાવ્યો છે. ભારતે કહ્યું કે ૧૨૬૭ પ્રતિબંધોની યાદી બધાની નજર સમક્ષ છે. વિશ્વ જોઈ શકે છે કે તેમાંથી કોઈ પણ વ્યક્તિ તેમાં નથી. ૧૨૬૭ સમિતિ સબુતોના આધાર પર કામ કરે છે, તે ધ્યાન બીજી દિશામાં દોરે તેવી અટકળબાજી વાળા આરોપોને ગણકારતી નથી. ભારતીય મિશનએ કહ્યું હતું કે, પાકિસ્તાન ભારતની આંતરિક બાબતો વિશે હાસ્યાસ્પદ વાતો કરે છે.''

### યથાવત્...● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠકમાં સોનિયા ગાંધીને ફરીથી પાર્ટીના વચગાળાના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. સિબ્બલના ટ્વિટ પર બળવો કરે તેવી ગંધ આવે છે. રાહુલ ગાંધીની નારાજગીના સમાચાર બાદ તેમણે ગઈકાલે પણ ટ્વીટ કરી હતી. જો કે બાદમાં તેમણે આ ટ્વીટ હટાવતા કહ્યું કે રાહુલે તેમને કહ્યું કે તેમણે એવું કંઈ જ કહ્યું નથી.

### ચુકાદો અનામત...● અનુસંધાન પહેલાનું ચાલુ

જનરલ વેણુગોપાલે કહ્યુ કે આમને માફ કરી દેવા જોઈએ. બાર પણ આપના આ પગલાંની પ્રશંસા કરશે. તેમણે કેટલાય સારાં કામ પણ કર્યા છે. ફૂડ સિક્યોરિટી, મજૂરો માટે, બુનિયાદી અધિકારો માટે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જો તમે અમને આવું કરવાની સલાહ આપી રહ્યા છો અને જો આવું કર્યુ તો પણ અમારી આ અમારી પણ આરોપ લગાવશે. અટૉર્ની જનરલ તરીકે તેમણે જે કંઈ કહ્યુ છે તેની પર તમે જ વિચાર કરો. અમને આપના નિવેદન દુર્ભાવના ભર્યા લાગી રહ્યા છે. સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણને ફરીથી તે આરોપો વિશે વિચારવા માટે કહ્યુ અને જો તેઓ ઈચ્છે છે તો પોતાનુ નિવેદન પાછું લઈ શકે છે. ભૂષણના વકીલ રાજીવ ધવને કહ્યું કે જો ભૂષણને સજા થઈ તો આ ન્યાયપાલિકા માટે કાળો દિવસ હશે. પ્રશાંત ભૂષણના એક વકીલ તરીકે ન્યાયપાલિકા અને દેશ માટે ખૂબ સેવા આપી છે. તેમનું યોગદાન ઘણું છે.રાજીવ ધવને પ્રશાંત ભૂષણના બચાવમાં દલીલ કરતાં કહ્યુ કે મેં તો જજ અને ન્યાયપાલિકા વિશે ઘણું લખ્યું છે, બોલ્યો છું આલોચના પણ કરી છે. સેંકડો આર્ટિકલ પણ લખ્યા છે.

### નોટિસ...● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલાં ઈન્ટરપોલે નીરવ મોદી, તેના ભાઈ નેહલ અને બહેન પૂર્વી સામે પણ નોટિસ જાહેર કરી છે.

નીરવ મોદી અત્યારે બ્રિટનમાં છે. બ્રિટનની કોર્ટમાં તેના પ્રત્યાર્પણનો કેસ ચાલી રહ્યો છે. આ પહેલાં જુલાઈ મહિનામાં કોર્ટે બ્રિટનમાં નીરવ મોદીની અટકાયત છઠ્ઠી ઓગસ્ટ સુધી લંબાવી હતી. આ દિવસે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી નીરવ મોદીને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં તેની કસ્ટડીને ૨૭ ઓગષ્ટ સુધી વધારી દેવામાં આવી છે. નીરવ મોદીના પ્રત્યાર્પણ અંગેની સુનવણી હવે બ્રિટનમાં સપ્ટેમ્બર મહિનાથી શરુ થનાર છે. ઉલ્લેખનીય છે કે નીરવ મોદીએ પંજાબ નેશનલ બેંક સાથે કોરોડો રુપિયાનું ફ્રોડ કર્યુ હતું. ત્યારબાદ તે વિદેશ ભાગી ગયો છે અને ભારતે તેને ભાગેડુ જાહેર કર્યો છે.

### એપ્રોચ માર્ગોને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલાક સમયથી ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં પ્રવેશવાના માર્ગો પર સલામતી જોખમાઈ છે. જયારે વાહનોની અવરજવર વધતા એપ્રોચ માર્ગોને પણ પહોળા કરવા અનિવાર્ય છે. જેને ધ્યાને લઈને અગાઉ ફુટપાથનુ નિર્માણ પણ એપ્રોચ રસ્તાના આયોજનને ધ્યાને રાખીને કરવામાં આવ્યુ હતુ જયારે હવે એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાની યોજના દરમિયાન તુટેલી ફુટપાથનુ પણ નવીનીકરણ કરાશે. એપ્રોચમાર્ગની કામગીરી પાછળ અંદાજતિ રૂ ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. આ દરમિયાન ફુટપાથ પણ નવી બનશે. શહેરમાં ફુટપાથની હાલત સુધારવા માટે અત્યાર સુધી કોઈ પગલા લેવાયા નથી જયારે વરસાદી પાણીના નિકાલની લાઈનના કામને અનુલક્ષી હાથ ધરાયેલી કામગીરીના લીધે ફુટપાથની હાલત અત્યંત કંગાળ બની છે. ત્યારે ટુંકમાં ફુટપાથનુ કામ પણ હાથ ધરાશે.

### પેચીસ અને ખાડા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ભારે વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા છે. કાદવ કિચ્ચડ વચ્ચે એકબાજુ ગંદકી પ્રવર્તી છે. ત્યારે માર્ગોની આસપાસ ગાબડા પડયા છે. બીજીતરફ ભારે વરસાદના સંજોગોમાં માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. શહેરના મુખ્યમાર્ગોતેમજ સેકટરોના આંતરિક માર્ગોપર ગાબડા પડયા છે. કેટલાક ઠેકાણે માર્ગોપર પેચીસ પડતા માર્ગોની નુકશાની અંગે પણ તંત્રએ સર્વે હાથ ધર્યોછે. જયારે માર્ગોની દશા સુધારવા માટે તંત્ર કામે લાગ્યુ છે. એકબાજુ વરસાદી સિઝન નિખરી છે ત્યારે માર્ગોને વધુ નુકશાન થતુ અટકાવવા માટે પાટનગર યોજના વિભાગે વિવિધ માર્ગોપર પેચીસ સહીત ગાબડા પુરવા માટે ડામર કામ હાથ ધર્યુ છે. નગરના ક માર્ગ પર પેચીસ કામ શરૂ કરી દીધુ છે. આ ઉપરાંત શહેરના અન્ય માર્ગો પર પણ ગાબડા પડયા હોય તો તે દુર કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં સતત વરસાદના લીધે સેકટરોના આંતરિક માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. જયારે માર્ગોની દશા સુધારવા માટે વિભાગ દ્વારા અત્યારથી જ કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. વરસાદી દિવસોના અંતે બાકી રહેતા માર્ગ સુધારણાના કામો પણ શરૂ કરી દેવાશે.

### કોરોનાનો સપાટો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ઝાયડસ રિચર્સમાં કર્મયોગી તરીકે ફરજો બજાવતા અને સે. ૭ માં રહેતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૪માંથી ખાનગી કંપનીના કંટ્રોલરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૮ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૪ માંથી એક ૧૪ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વિદ્યાર્થીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ વિદ્યાર્થીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

### રેટ ઘટ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસથી એક પણ પોઝીટીવ આવેલા દર્દીનું મૃત્યુ થયુ નથી. અમે એન્ટીજન અને આર.ટી.પી.સી.આર. એવા બન્ને ટેસ્ટ કરી રહ્યા છીએ. ગુજરાત સરકાર પણ એન્ટીજન ટેસ્ટ માટેની કીટો અમારી જરૂરિયાત મુજબ પુરી પાડી રહી છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પરિસ્થિતિ ઝડપથી થાળે પડી જશે. આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે હાલ હોસ્પિટલમાં બેડની પણ તકલીફો નથી. અમને સ્હેજ પણ શંકા જાય તો તુરત જ ટેસ્ટ કરવામાં આવે છે અને દર્દીને સમયસર સારવાર મળી રહે તેના પર ધ્યાન આપીએ છીએ.

## પાલનપુર નગરપાલિકાનો સાઈડ સુપર વાઈઝર ૧૦૫૦૦ની લાંચ લેતાં ઝડપાયો

### પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાયનો ચોથો હપ્તો પાસ કરવા લાંચ માંગી હતી

પાલનપુર, તા. ૨૫

પાલનપુર નગરપાલિકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો સાઈડ સુપર વાઈઝર સોમવારે રૂપિયા ૧૦૫૦૦ની લાંચ લેતાં એસીબીના છટકામાં રંગે હાથે ઝડપાઈ ગયો હતો. જેણે પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાયનો ચોથો હપ્તો પાસ કરવા લાભાર્થી પાસે લાંચ માંગી હતી.

પાલનપુર નગરપાલિકામાં કોઈપણ કામ કરાવવું હોય તો પત્રમ પુષ્પમનો વ્યવહાર કરવો પડતો હોવાના આક્ષેપોને સત્ય પુરવાર કરતી હકીકત સોમવારે ફરી એકવાર સામે આવી છે. જ્યાં નગરપાલિકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો સાઈડ સુપર વાઈઝર સોમવારે રૂપિયા ૧૦૫૦૦ની લાંચ લેતાં એસીબીના છટકામાં રંગેહાથે ઝડપાઈ ગયો હતો. જેણે પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાયનો ચોથો હપ્તો પાસ કરવા લાભાર્થી પાસે લાંચ માંગી હતી. આ અંગે પાલનપુર એસીબી પીઆઈ એન.એ. ચૌધરીએ જણાવ્યું હતું કે આ કામના ફરીયાદીએ પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાય મેળવવા પાલનપુર નગરપાલિકામાં સને ૨૦૧૮માં ફોર્મ ભરી આપ્યું હતું. જે બાદ પ્રધાનમંત્રી આવાસ યોજના સાઈડ સુપરવાઈઝર નિર્મળકુમાર જગદિશદાન ગઢવીએ સ્થળ સર્વે કરેલ અને ફરિયાદીએ શરૂઆતના ત્રણ હપ્તા બેંક ખાતામાં જમા કરાવેલ જ્યારે ચોથો હપ્તો જમા ન થતાં ફરિયાદી રૂબરૂ મળી વાત કરતાં નિર્મળકુમાર જગદિશદાન ગઢવીએ નાણાકીય સહાયનો ચોથો હપ્તો જમા કરાવવાની કાર્યવાહી કરવા માટે રૂ.૧૦૫૦૦ની માંગણી કરી હતી. જે નાણાં ફરિયાદી આપવા માંગતા ના હોય તેઓએ એ.સી.બી.મા ફરીયાદ કરતા આજરોજ એસીબીએ જીઆઈડીસી-જામપુરા રોડ, પાલનપુર ખાતે ગોઠવેલ લાંચના છટકા માં આરોપીએ ફરીયાદી પાસેથી રૂ.૧૦૫૦૦ ની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

